Extra No. 303

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૯મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૬/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઇ-૧૫.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Information Report of a Non-cognizable Offence (BNSS Section 174(1)) Rules, 2025.

ગુજરાત પોલીસ અધિકાર બહારના ગુનાનો માહિતી અહેવાલ (બીએનએસએસ કલમ ૧૭૪(૧)) નિયમો, ૨૦૨૫ સંબંધિત જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૮૬/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫:- ગુજરાત રાજ્યને લાગુ પડતી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત પોલીસ અધિકાર બહારના ગુનાનો માહિતી અહેવાલ (બીએનએસએસ કલમ ૧૭૪(૧)) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "દૈનિક ડાયરી" એટલે સંહિતાની કલમ ૧૯૨ હેઠળ નિર્દિષ્ટ કર્યા મુજબ, પોલીસ સ્ટેશન દ્વારા નિભાવાતુ રેકર્ડ;

(ખ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(ગ) "માહિતી આપનાર" એટલે ફરિયાદી અથવા ભોગ બનનાર સહિત પોલીસને જેણે ગુનાની જાણ કરી હોય તે વ્યક્તિ;

(ઘ) "પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ (હવાલો ધરાવતા) અધિકારી" એટલે સંહિતાની કલમ ૨(૧)(૫) માં વ્યાખ્યા કર્યા મુજબના પોલીસ અધિકારી;

(ચ) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો).

(૨) આ નિયમોમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ સંહિતામાં વ્યાખ્યાયિત કરેલા અન્ય તમામ શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, સંહિતામાં અનુક્રમે તેમનો જે અર્થ કરેલો હોય તે જ અર્થ થશે.

૩. પોલીસ અધિકાર બહારના ગુનાનો ખબર અહેવાલ.-

(૧) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ, નમૂના-૧માં નિર્દિષ્ટ કર્યા મુજબના ફોર્મેટમાં, સંહિતાની કલમ ૧૭૪ની પેટા-કલમ (૧) હેઠળ ફરમાવ્યા મુજબ, આ હેતુ માટે નિભાવેલ ચોપડામાં, પોલીસ અધિકાર બહારનો ગુનો થયા અંગેની માહિતીનો સારાંશ નોંધવો જોઈશે અથવા નોંધાવવો જોઈશે.

(૨) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ, માહિતી આપનારને મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલવો જોઈશે.

(૩) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ, તેવા તમામ કેસોનો દૈનિક ડાયરી અહેવાલ દર પંદર દિવસે એકવાર મેજિસ્ટ્રેટને મોકલવો જોઈશે.

નમૂનો-૧

(જુઓ નિયમ ૩(૧))

પોલીસ અધિકાર બહારના કેસનું રજિસ્ટર બીએનએસએસ ૧૭૪(૧)

અનુક્રમાંક	માહિતી આપનારનું નામ અને સરનામું	પ્રતિવાદીનું નામ અને સરનામું	બનાવની તારીખ, સમય અને સ્થળ	બનાવ અંગેની માહિતી જાહેર થવાની તારીખ અને સમય	સ્ટેશન ડાયરી નોંધ ક્રમાંક (તારીખ અને સમય)	ફરિયાદીની સહી સાથે ફરિયાદની વિગતો (કલમો સહિત) તેમજ (વિગતો) લેનાર અધિકારીનું નામ, હોદ્દો અને સહી
૧	૨	૩	૪	૫	૬	૭

માહિતી આપનારને મેજિસ્ટ્રેટ પાસે જવા જણાવેલ છે કે કેમ	તપાસ અધિકારીનું નામ અને લીધેલાં પગલાંની વિગતો	તારીખ સાથે, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીની સહી સાથે મેજિસ્ટ્રેટને અહેવાલ મોકલ્યાની તારીખ બીએનએસએસ ૧૭૪ (૧) (૨)	વિશેષ નોંધ
૮	૯	૧૦	૧૧

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.30 08:39:12 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar